ટેન્ડર ફોર્મ રૂ.૨,૫૦૦/–
EMD રૂ.૨૫,૦૦૦/–

# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી ભુજ-કચ્છ

## કેન્ટીન માટેનું વાર્ષિક રેટ કોન્ટ્રાકટ

## ટેન્ડર ફોર્મ

## વર્ષ-૨૦૧૯

**પ્રતિ,**
**કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,**
**ભૂજ–કચ્છ.**

**<u>વિષય</u> : કેન્ટીન ચલાવવા અંગેના ભાવો ઓફર આપવા અંગે**

સાહેબશ્રી,

કચ્છ યુનિવર્સિટી,ભૂજ તરફથી કેન્ટીન ચલાવવા અંગે પ્રસિધ્ધ થયેલ નિવિદા મુજબ ટેન્ડર ફોર્મમાં ભાવ ભરીને આ સાથે મોકલી આપવામાં આવે છે.

ટેન્ડરની તમામ શરતો અમાએ વાંચી અને સમજી છે. અને તમામ શરતો અમોને કબૂલ છે અને તે બદલ અમોએ અમારા સહી સિકકા કરી આપેલ છે. અમારા ભાવો મંજુર થશે તો ટેન્ડરની શરતોને આધિન રહીને અમોએ ઓફર કરેલ ભાવોએ યુનિવર્સિટીની કેન્ટીન ચલાવવા કબૂલાત આપીએ છીએ.

આ સાથે **અર્નેસ્ટ રકમ રૂા. ૨૫૦૦૦/– અંકે રૂા. પચીસ હજાર ડીમાન્ડ ડ્રાફ્ટ** ............... તારીખ ..../....../.... બેંક...................... ઉપરનો રજિસ્ટ્રારશ્રી, કચ્છ યુનિવર્સિટી ભૂજના નામનો સામેલ કરેલ છે.

ટેન્ડર મંજુર થયેથી ડીપોઝીટની રકમ આપના દ્વારા જણાવવામાં આવે તે નિયત મુદ્દતમાં ભરવામાં નિષ્ફળ ગયેથી અર્નેસ્ટ મનીની રકમ આપ જપ્ત કરી શકશો.

**પાર્ટીની સહી સિકકો**
**નામ, અને સરનામું,**

**<u>બીડાણ</u> :–**

૧ ટેન્ડર

૨ સાધનિક કાગળો

કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી ભુજ–કચ્છ.

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

## કેન્ટીન વાનગીઓનું ભાવપત્ર

| ક્રમ | વિગત | ભાવ |
|---|---|---|
| | **ગરમ પીણાં** | |
| ૧ | ચા અર્ધી | |
| ૨ | ચા આખી | |
| ૩ | કોફી અર્ધી | |
| ૪ | કોફી આખી | |
| | **ગરમ નાસ્તો** | |
| ૧ | કટલેશ નંગ–૨(ચટણી સાથે) | |
| ૨ | પેટીશ નંગ–૨ (ચટણી સાથે) | |
| ૩ | સમોસા નંગ–૨ (ચટણી સાથે) | |
| ૪ | બટકા વડા (ચટણી સાથે) | |
| ૫ | ગાઠીયા (ચટણી, મરચાની સાથે) | |
| ૬ | પાપડી (ચટણી, મરચાની સાથે) | |
| ૭ | ફાફડા (ચટણી, મરચાની સાથે) | |
| ૮ | ભજીયા (ચટણી, મરચાની સાથે) | |
| ૯ | મેંદુ વડા (સંભાર અને ચટણી સાથે) | |
| ૧૦ | દાળ વડા (સંભાર અને ચટણી સાથે) | |
| ૧૧ | ઉપમા એક ડિશ | |
| ૧૨ | બ્રેડ–બટર (મોટી બે બ્રડ) | |
| ૧૩ | ખમણ ઢોકળા (સેવ સાથે અને ચાટણી સાથે) | |
| ૧૪ | સેવખમણી (ચટણી સાથે) | |
| ૧૫ | સાદા ઢોસા (સંભાર અને ચટણી સાથે) | |
| ૧૬ | મસાલા ઢોસા (સંભાર અને ચટણી સાથે) | |
| ૧૭ | સેન્ડવીચ બે સ્લાઈડ | |

ક્રાં. શ્યા. કૃ. વ. કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ.

<u>યુનિવર્સિટી કેમ્પસ પર કેન્ટીન ચલાવવા માટે નીચે મુજબની શરતો નિયત કરવામાં આવી છે</u>.

(૧) કચ્છ યુનિવર્સિટી કેમ્પસમાં પ્રસ્થાપિત કેન્ટીનમાં કોન્ટ્રાકટરે દ્વારા ચા–નાસ્તો, ઠંડા પીણા, આઈસ્ક્રિમ, ચોકલેટ વગેરે આઈટમોનું વેચાણ કરવાનું રહેશે.

(૨) યુનિવર્સિટી દ્વારા વીજળીની સુવિધા સાથે સ્થળ આપવામાં આવશે. પરંતુ વીજળી અને પાણી વપરાશ ખર્ચ અને સ્થળનું સમગ્ર મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટરે પોતે કરવાનું રહેશે.

(૩) કેન્ટીનની સેવા કામકાજના દિવસો તથા સમય દરમ્યાન આપવાની રહેશે. તેમજ ખાસ આવશ્યકતા અનુસાર ચોક્કસ દિવસે, સમયે અને સ્થળે પણ યુનિવર્સિટીના કાર્યક્રમો અને મિટીંગોમાં કેન્ટીનની સેવા પૂરી પાડવાની રહેશે.

(૪) યુનિવર્સિટી અથવા તેમના સલાહકાર તરીકે જેમને અધિકાર આપ્યો હોય તેવી વ્યકિતોઓને ખાદ્ય પદાર્થોની ગુણવતા અને તપાસ કરવાનો અધિકાર રહેશે અને તે હેતું અર્થે તેઓને કેન્ટીન રસોડું, સ્ટોરરૂમ વગેરે જગ્યાઓમાં દાખલ થવાનો અને નિરીક્ષણ કરવાનો તથા માનવીય આરોગ્ય માટે હાનીકારક હોય તેવા ખાદ્ય પદાર્થો દુર કરવાનો પણ અધિકાર રહેશે.

(૫) સર્વે ખાદ્ય પદાર્થો આરોગ્યપ્રદ રીતે તથા માખીઓ વગેરે જંતુઓ ન બેસે તેવી રીતે રાખવાના રહેશે.

(૬) કેન્ટીન માટે કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે કાર્યક્ષમ, કુશળતા ધરાવતા સારુ ચારીત્ર્ય અને શરીર સ્વાસ્થય ધરાવતા કર્મચારીઓ રાખવાના રહેશે અને તેમને વ્યાજબી પોશાક આપવાનો રહેશે. વ્યાજબી કારણોસર અગર કોઈ ફરીયાદ આવ્યેથી યુનિવર્સિટી કેન્ટીનના કોઈ પણ કર્મચારી કે વેઈટરને નોકરીમાંથી દુર કરવા બંધાયેલ રહેશે.

(૭) કેન્ટીનમાં રાખવાની વસ્તુઓના મેનુનું લિસ્ટ આ સાથે સામેલ છે. જેમાં દર્શાવેલ દરેક ચીજવસ્તું તેના જે તે યોગ્ય નક્કી કરેલ જથ્થામાં અને નક્કી ગુણવતામાં દરેક વિદ્યાર્થીને મળી રહે તેમ પ્રબંધ રાખવાનો રહેશે. આ અંગે કવોલિટી, જથ્થો, માપ વગેરે અંગે યુનિવર્સિટીના અધિકારીઓ તેની ગમે ત્યારે તપાસ લઈ શકશે અને ક્ષતિઓ જણાતા યુનિવર્સિટી નક્કી કરે તે શિક્ષાત્મક પગલાં લઈ શકશે, જે કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે. તેમ છતાં ક્ષતિઓ જણાશે તો યુનિવર્સિટી કોન્ટ્રાકટ રદ કરવા સુધીનાં પગલા લઈ શકશે.

(૮) કેન્ટીનમાં કામ સિવાય કોઈએ બેસવું નહી તે પ્રકારનું બોર્ડ બનાવીને મુકવાનું રહેશે.

(૯) કોન્ટ્રાકટર દ્વારા પંચાયત, મ્યુનિસિપાલિટી કે સરકારશ્રીના કેન્ટીન અંગેના કાયદા કાનુન કે નિયમોનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે. કેન્ટીન અંગેના સર્વે પ્રકારના ફી, વેરા, દંડ, પગાર, પ્રોવિડન્ડ ફંડની રકમ કપાત અને ફાળો વગેરે તમામ નાણાકીય અને કાનુંની જવારદારી કોન્ટ્રાકરના શિરે રહેશે.

ક્રાં. શ્યામજી કૃ. વી. કચ્છ યુનિવર્સિટી ભુજ–કચ્છ.

(૧૦) કોન્ટ્રાકટરે કેન્ટીનના હેતું માટે તેમને ફાળવવામાં આવેલી જગ્યા યુનિવર્સિટીને સંતોષ થાય તે રીતે સ્વસ્છ રાખવાની રહેશે અને આ હેતું અર્થે કેન્ટીનમાં જંતુનાશક દવાઓ છંટાવી સ્વચ્છ અને ચોખ્ખી કેન્ટીન રાખવાની રહેશે.

(૧૧) કચરો રાખવા માટે કોન્ટ્રાકટરે જયાં ત્યાં ગંદકી ન થાય તે રીતે એકજ જગ્યાએ કચરા પેટી, વોશબેસીન,લેવેટરીનો ઉપયોગ કરવાનો રહેશે તથા તેનો તાત્કાલિક નિકાલ કરવાનો રહેશે. અને યુનિવર્સિટીના મકાનોમાં કોઈપણ પ્રકારનો ઉપદ્રવ ન થાય તે અંગે કાળજી લેવાની રહેશે.

(૧૨) કેન્ટીનનો સમય સવારે ૮:૦૦ થી સાંજે ૬:૦૦ સુધીનો રાખવાનો રહેશે. જેમાં કુલસચિવશ્રીની મંજુરીથી જરૂરીયાત અનુસાર ફેરફાર કરી શકાશે. કોન્ટ્રાકટરે કેન્ટીનમાં કામે રાખેલા કર્મચારીઓના નામ સરનામાંની વિગતો પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે સલામતીના હેતુસર યુનિવર્સિટીને આપવાના રહેશે. તથા સ્ટાફના ફેરફાર અંગે વખતો વખત વિગતો મોકલવાની રહેશે.

(૧૩) યુનિવર્સિટીએ કોન્ટ્રાકટરને કેન્ટીનનાં હેતું માટે આપેલી જગ્યા ઉપર કોન્ટ્રાકટરનો કોઈ હક્ક કે હિસ્સો રહેશે નહી. સદરહુ જગ્યાની જાળવણી અંગેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૧૪) કેન્ટીન અંગેનો કોઈપણ હક્ક, હિસ્સો, ભાગ કે હિત કોન્ટ્રાકટર અન્ય વ્યકિતને તબદિલ કરી શકશે નહી. અન્ય કોઈને એસાઈન કરી શકશે નહી કે તેના અન્ય કોઈ રીતે ભાગ નિકાલ કરી શકશે નહી. કોન્ટ્રાકટર યુનિવર્સિટીની મંજુરી વગર પોતાના હક્ક, હિસ્સો, ભાગ કે અન્ય કોઈને ફેર બદલી કરે તેવા ભાગીદાર રાખી શકશે નહી.

(૧૫) કોઈપણ નિયમોનો ભંગ જો કોન્ટ્રાકટર દ્વારા થશે અને કોન્ટ્રાકટર નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ જશે તેવું યુનિવર્સિટીને જણાશે તો કોન્ટ્રાકટરને ૧૦ દિવસની લેખિત નોટીસ આપી કોન્ટ્રાકટ રદ કરવાનો યુનિવર્સિટીનો અધિકાર અબાધિત રહેશે અને આ અંગે કોન્ટ્રાકટર કોઈ પણ જાતનો વળતર માટેનો કે અન્ય કોઈ દાવો યુનિવર્સિટી સામે કરી શકશે નહી. કે તેઓ તે માટે હક્કદાર રહેશે નહી.નિયમભંગને કારણે કોન્ટ્રાકટ રદ કરવામાં આવે ત્યારે કોન્ટ્રાકટરે ભરેલ ડિપોઝીટ પણ જપ્ત કરવાનો યુનિવર્સિટીનો અધિકાર અબાધિત રહેશે.

(૧૬) કોન્ટ્રકાટરને આપવાની કોઈપણ નોટીસ જો તેમના કોઈપણ કર્મચારી કેન્ટીનના ચાર્જમાં હોઈ અને તેમને આપવામાં આવે તો પણ યોગ્ય રીતે બજવણી ગણાશે. અથવા કોન્ટ્રાકટરે દર્શાવેલ સરનામે પોસ્ટ દ્વારા નોટીસ મોકલવામાં આવે તો તે પણ યોગ્ય રીતે બજાવેલી ગણાશે.

(૧૭) જો કોઈ પણ સમયે નોટીસ દ્વારા કે કરારનો સમય પુરો થવાને કારણે આ કરારનો અંત આવે તો કોન્ટ્રાકટરે તેમને આપવામાં આવેલ જગ્યાનો સારી સ્થિતીમાં અને કોઈપણ જાતના નુકશાન વગર કબજો યુનિવર્સિટીને આપવાનો રહેશે.

(૧૮) યુનિવર્સિટી કેન્ટીન માટે પાણી પુરૂ પાડી શકે તેમ ન હોય ત્યારે કોનટ્રાકટરે આ અંગેની વ્યવસ્થા પોતાના ખર્ચે પોતે કરવાની રહેશે.

(૧૯) કેન્ટીન કોન્ટ્રકાટરે ડુપ્લીકેટ પાના અને કાર્બન પેપર પેપર સાથે એક ફરીયાદ પોથી રાખવાની રહેશે. અને દિવસના અંતે આ ફરીયાદ પોથી યુનિવર્સિટી પાસે રજૂ કરવાની રહેશે. જો કોઈ

ક્રાં. ગુ. કે. વી. કચ્છ યુનિવર્સિટી ભુજ-કચ્છ.

ફરીયાદ લખવામાં આવી હોય તો તેના અસલ નકલ પોતાની પાસે રાખશે અને ફરીયાદપોથી તેમા ડુપ્લીકેટ નકલો સાથે કોન્ટ્રાકટરને રેકર્ડ માટે તથા જરૂરી પગલા લેવાં માટે પરત કરશે. વારંવાર આવી અનેક ફરીયાદો આવશે તો કોન્ટ્રાકટર તાત્કાલીક અસરથી રદ્દ કરવાની યુનિવર્સિટી ફરજ પાડી શકશે.

(૨૧) કેન્ટીનમાં નક્કી કરેલી યાદી મુજબની આઈટમોનું એક વાનંગી રજીસ્ટર બનાવી તેમાં બનેલી વાનગીની તારીખ વાર નોંધ કરવાની રહેશે. અને તેમાં કેન્ટીન કોન્ટ્રાકટર / મેનેજરની સહીથી યુનિવર્સિટીમાં વિભાગીય અધિકારીની ખરાઈ માટે સહી લેવાની રહેશે.

(૨૨) કેન્ટીનમાં જરૂરી એવા યુટીલીટી સાધનો જેવાકે જુદા જુદા પ્રકારના ફ્રીઝ, ઓવન, આર.ઓ.સીસ્ટમ, વોટરકુલર, ફર્નીચર, ક્રોકરી વાસણો અને રોજીંદા વપરાશની સાધન સામગ્રી તથા ગેસ વગેરે કોન્ટ્રાકટરે વસાવવાના રહેશે. પીવાના શુધ્ધ પાણીની વ્યવસ્થા પણ કોન્ટ્રાકટરે જ કરવાની રહેશે

(૨૩) કેન્ટીનની અંદર ભાવ બોર્ડ લગાવવું ફરજીયાત રહેશે.(ભાવપત્રક બનાવવું)

(૨૪) કોન્ટ્રાકટરે **રૂા. ૨૫૦૦૦/– (પચીસ હજાર પૂરા)** ડિપોઝિટની રકમ આપવાની રહેશે. જેમાંથી યુનિવર્સિટી કોઈ પણ જાતનું નુકશાન, તથા બાકી ભાડું અથવા દંડ વસૂલ કરી શકશે.

(૨૭) કોન્ટ્રાકટરે ટેન્ડર મંજુર થયે દર માસે **માસીક** મકાન નિભાવ ચાર્જ પેટે રૂા. ૫૦૦૦/– યુનિવર્સિટીમાં જમાં કરાવવાનો રહેશે.

(૨૮) કેન્ટીનમાં ગુટખા,સીગારેટ,પાન મસાલા, તમાકુ, તમાકુની બનાવટો કે સરકારશ્રી/કાયદાની રીતે પ્રતિબંધિત કોઈ પણ પ્રકારની ચીજો રાખી શકાશે નહી.

(૨૯) કોન્ટ્રાકટરે યુનિવર્સિટીના મકાનને કોઈપણ જાતનું નુકશાન થાય તો તે ભરપાઈ કરવાનું રહેશે. થયેલ નુકસાનની કિંમત કુલપતિશ્રી જે ઠરાવે તે રકમ કોન્ટ્રાકટરે ભરપાઈ કરવાની રહેશે.

(૩૦) તેલ,ઘી,મરી,મસાલા વગેરે આઈટમ ઉચ્ચ ગુણવતાવાળા અને સ્વાસ્થ્યવર્ધક વાપરવા ફરજીયાત છે. તેલ કપાસીયા અને સીંગતેલ વાપરવાનું રહેશે.

(૩૧) કેન્ટીનમાં નોકરો તથા રસોઈયા પુખ્ત વયના રાખવાના રહશે. તેઓ ચોખ્ખા તથા સ્વચ્છ વસ્ત્રો પહેરે તથા તેમનું મેડિકલ ચેક–અપ સમય સમય પર કરાવતાં રહેવું તેનું કોન્ટ્રાકટરે ધ્યાન રાખવાનું રહેશે.

(૩૨) કોન્ટ્રાકટરે મંજુરી મળેથી વધુમાં વધુ ૧૫ દિવસમાં કેન્ટીન શરૂ કરવાની રહેશે.

(૩૩) કોન્ટ્રાકટના સમય દરમ્યાન કોઈપણ વસ્તુનો ભાવ–વધારો આપવામાં આવશે નહી અને નક્કી કરેલ મેનું અમલમાં મુકવાનું રહેશે.

(૩૪) કેન્ટીનમાં રાખવામાં આવતા ઠંડા પીણા અને અન્ય કંપની પ્રોડકટના ભાવ તેની અધિકતમ છૂટક કિંમત થી વધુ લઈ શકાશે નહિં.

(૩૫) કોન્ટ્રાકટરે નક્કી થયેલ ભાવો દર્શાવતું મોટું બોર્ડ પેઈન્ટ કરાવીને કેન્ટીનમાં દેખાય તે રીતે મૂકવાનું રહેશે.

ક્રા. ક. ગુ. યુનિવર્સિટી ભુજ–કચ્છ.

(૩૬) મકાનનો કબજો પરત સોંપતી વખતે મકાન તથા ફર્નિચર ફીટીંગ વગેરે દરેક વસ્તુઓ જોડેલ અથવા છુટી જેમ હતી તેમ પરત કરવાની રહેશે.

(૩૭) નિયત કરેલ ગુણવતા જાળવવામાં નહિં આવે તો યુનિવર્સિટી દ્વારા દંડ કરવામાં આવશે.

(૩૮) ભાવ–પત્રક ભરનારને ભાવ–પત્રકમાં સહી કરવી, સહી કર્યા વગરનું ભાવ–પત્રક કે છેકછાક કરેલું ભાવ–પત્રક સ્વીકારવામાં આવશે નહી. ભાવ–પત્રકમાં ભાવ સુવાચ્ય અક્ષરોમાં ભરવા.

(૩૯) આ કરારથી ઉપસ્થિત થતા કોઈપણ વિવાદના નિરાકરણ માટે લવાદ નિમવાની સતા કુલપતિશ્રીને રહેશે.

(૪૦) ટેન્ડર અંગેના કોઈ પણ પ્રશ્નોના નિકાલ કરવાની આખરી સતા કચ્છ યુનિવર્સિટી ને રહેશે.

(૪૧) કેન્ટીન અંગેના તમામ નિયમો અને હવે પછી યુનિવર્સિટી તરફથી અવારનવાર થતાં નિયમોના ફેરફારો કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે અને તેનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

ઉપર મુજબની શરતોનું પાલન પાર્ટી નહી કરે તો ડીપોઝીટ જપ્ત કરવાની, બ્લેક લીસ્ટમાં મૂકવાની સંપૂર્ણ સતા કચ્છ યુનિવર્સિટીના સક્ષમ અધિકારીને અબાધિત રહેશે.

---

આથી અમો કબુલાત આપીએ છીએ કે, ઉપરોકત તમામ શરતો અને સુચનાઓ અમોએ બરાબર પુરેપૂરી વાંચી/સમજી છે. અમોને તે તમામ શરતો અને સુચનાઓ દરેક પ્રકારે સંપૂર્ણ કબુલ મંજુર તથા બંધનકર્તા છે. જે બદલ આથી નીચે સહી કરી ટેન્ડર રજુ કરેલ છે.

**પાર્ટીની સહી**
**પુરૂ નામ, અને સરનામું**
**તથા ફર્મનો સિકકો**

**સ્થળ :–**
**તારીખ :–**

ક્રાં. ગુરુ શ્રી. કચ્છ યુનિવર્સિટી ભુજ–કચ્છ.

નોધઃ

જીએસટી નંબર ,પાન કાર્ડ,તથા નોંધણી રજીસ્ટ્રેશન નંબર પણ જોડવાના રહેશે. ટેન્ડર ફી પરત મળવા પાત્ર નથી.